**<u>કડાણાના મહે. જ્યુડી. મેજી. ફ. ક. સાહેબની કોર્ટમાં, મુ. દિવડાકોલોની જિ. મહીસાગર</u>**

**ક્રિ.કે.નં.:– 367/2026**

**આંક:–**

<u>ફરીયાદી</u>:– શ્રી સરકાર.

**<u>વિરુધ્ધ</u>**

આરોપી: મંગળભાઈ ઉર્ફે મંગાભાઈ સોમાભાઈ નાયક

**<u>ગુન્હો:– પ્રોહી એક્ટની કલમ–૬૫એએ,૯૮(૨) મુજબ</u>**

(૧).. ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગેરકાયદેસરનો, પાસ પરમીટ વગરનો દારૂ પોતના કબજા ભોગવટામાં રાખી ગુનો કરેલ છે. સદરહુ આરોપી પાસેથી દારૂનો મુદ્દામાલ મળી આવેલ છે..જે અંગે ફરિયાદીની ફરિયાદ ઉપરથી તપાસ કરનાર અમલદારે તપાસ કરી આરોપી વિરૂધ્ધ ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ **૬૫ એ.એ.૯૮ (૨)** મુજબનો ગુના સબબનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રોજ રજૂ કરેલ છે.

(૨) ચાર્જશીટ રજૂ થતાં આજરોજ તે અંગે ના સમન્સની આરોપીને ધોરણસર બજવણી થતા આરોપી કોર્ટમાં હાજર થતાં આરોપીને બી.એન.એસ.એસ.કલમ: ૨૩૦ મુજબ વિનામૂલ્યે પોલીસ પેપર્સની નકલો પુરી પાડયા બાદ આરોપીએ આજરોજ તેઓ ગુનો કબુલ કરવા માગે છે તેવી પુરસીસ રજૂ કરતાં તે પ્લીમાં તેમની સામેના ગુનાનુ તહોમતનામુ વાંચી સંભળાવી, સમજાવતાં આરોપીએ ગુનાનો એકરાર કરેલ છે.

(૩) આરોપી તેઓની ગુના કબુલાત પુરસીસ આજરોજ આપી જણાવેલ છે કે, અમોને ગુનો કબુલ કરવો છે. અમો આરોપી ગરીબ વર્ગના અને અમો બાળ બચ્ચાંવાળા છીએ, અમારા ઉપર કુટુંબની સંપૂર્ણ જવાબદારી છે. અમારી આ પ્રથમ ભુલ છે. અમોને ગુનો કર્યાનો પસ્તાવો થાય છે અને તેથી કાયદામાં જણાવેલ મહત્તમ સજા ન કરી અમો ઉપર દયા કરવા આપ નામદાર કોર્ટને વિનંતી કરીએ છે.

(૪) આરોપીને આ કાયદા હેઠળની સજાની સમજ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓ સ્વેચ્છાએ ગુનો કબુલ કરવા માગે છે અને તેથી ઉપરોકત હકીકતે આરોપીની સ્વૈચ્છિક કબુલાત નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી. કેસની હકીકત,ગુનાની ગંભીરતા સજાની જોગવાઈ, આરોપીના આર્થિક સંજોગો, તેની સ્વૈચ્છિક કબુલાત ધ્યાને લેતાં તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ ગુજરાત રાજ્ય વિ. નટવર હરચંદજી ઠાકોરના(જી.એલ.આર. ૨૦૦૫(૧), પાના નં.૭૦૯)ના ચુકાદામાં આપેલ સમજુતી મુજબ, આરોપીને કાયદામાં જણાવેલ સજા કરતાં ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો વિશાળ હેતુ જળવાય તેમ જણાઈ આવે છે અને તે મુજબ વિશિષ્ટ સંજોગોમાં કાયદામાં ઠરાવેલ સજા કરતા પણ ઓછી સજા કરવાની કોર્ટને હકૂમત છે તેવું મારૂ માનવું છે જેથી હાલના કેસમાં આરોપીની આર્થીક પરિસ્થિતિ, પ્રથમ વખતનો ગુનો, સ્વૈચ્છિક કબૂલાતની હકિકત ધ્યાને લેતાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>:: હુકમ ::–</u>**

(અ) આ કામના આરોપીને ભારતીય ના.સુ.સહીતાની કલમ: ૨૬૪ મુજબ ગુજરાત પ્રોહી. એક્ટની કલમ **૬૫ એ.એ,૯૮(૨)** મુજબના ગુનાના કામે દોષિત ઠરાવવામાં આવે છે. આરોપીને ગુજરાત પ્રોહી. એક્ટની કલમ **૬૫ એ.એ,૯૮(૨) મુજબના ગુના સબબ કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા.૩૦૦ (અંકે રૂપિયા ત્રણસો પુરા ) દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે** અને જો આરોપી દંડ ન ભરે તો દિન–૧૦(દસ)ની વધુ સાદી કેદની સજા ભોગવે તેવો હુકમ કરવામાં આવે છે.

(બ) સદર કામના પ્રોહી મુદ્દામાલનો અપીલ સમયબાદ નિયમોનુસાર નાશ કરવો

હુકમ આજરોજ તા.૩૦મી માહે મે સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:–કડાણા

(જયેશ વાલજીભાઈ ચૌહાણ )

જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ

કડાણા

જજ કોડ નં.જીજે૦૧૪૩૧